[illegible]!!

[illegible]

[illegible]

શા. [illegible] ભગવાનદાસ.

અમદાવાદ.

[illegible]

[illegible]

[illegible] ૧૯૪૪

[illegible]

[illegible]

ફતેલશેઠ દુઃખદર્શક નાટક.

૩૬૩૬

૧ ૨





રચનાર તથા છપાવનાર

નાનાલાલ મગનલાલ

આ બે સુંદરબાળા
ઓનો વાદ વિવાદ
પાછળ જુઓ.

!! જોજો ભાઇયો જોજો !!

! ગોરો ગધેડો ને કાળું કુતરૂં !

બે સુંદરીઓનો સંવાદ.

પુતળી ૧ લી—કેમ ખુશીમાંતો ખરાં બેન ?

પુતળી ર જી—હા બેન. કેણ તમે ગપ્પીદાસની પ્રીયા છો ?

૧લીપુતલી હાબેન ને તમે તો દંતલશા શેઠના ઘરવાળ છો કે શુ ?

પુતળી ર જી—હા, હા, બેન, હવે તો મને યાદ આવ્યું કારણકે તારો ધણી મો. ગપ્પીદાસ જેઓ ડેલ ડંગો ઠોકીને શુળીએ ગયા હતા કે ? એમનો હકીકતનો રાઘળો સાર આપણા ભારતી જનોને પોતાની ખોડખાંપણ સુધારવાને પુરતુ સાધન છે. તે હું સમજી.

પુતળી ૧લી—ખરૂં જોવરાવેતો તારા ધણીવિશે ઘણું શીખવાનું છે ને તેમાં જેજે ચિતરો આપ્યાં છે તે અતિ ઉપયોગીછે

વિદુષક—પણ તમારો ભાવા શો ઠરાવ્યો તેતો બંદાને કહો?

પુતળી ર જી—ભાઇ જો કે. "ગપ્પીદાસની ગપ્પ" એ નામની બુકના ફક્ત ચાર દોઢીયાં ને "દંતલશેઠ દુઃખદર્શક નટાક" એ નામની બુકના ફક્ત ૮ દોઢીયાં છે સમજ્યા કે લાલ.

દુષક—વારૂ ઠીક ત્યારે તે બે બુકો મને આપોને લ્યો આ ૧ર દોઢીયાં

બે પરીયો સાથે બોલી શું તમને બે એ પસંદ આવી હેલો ! ! ! !

આ ચોહેલી સામગ્રિ લ્યો.

નાટકનાં પાત્રો.

કુંતલ શેઠ .... વર્ધમાન નગરીનો શેઠ તથા રાજાનો પ્રધાન
ચંદ્રપ્રભા .... તેની સ્ત્રી.
મણીબેન. .... તેની પુત્રી.
લલીતા, ટાહોગવરી, કમળા, જાસુદ, ચંપા, વીગેરે તેની સખીયો
સુરશેન .... વર્ધમાન નગરીનો રાજા.
ગોરંભ .... રાજાનું દિવાનખાનું સાફ કરનારો.
ચંદ્રકાન્તા. ....સુરસેન રાજાની સ્ત્રી.
છડીદાર.
વિદુષક.
શિપાઈ. નગરના લોકો. } વિગરે.

કલ્યાણી રાગ.

સ્તુતિ

શાણા સજ્જન સુણો, સાહસ મત કરો,
છોડી દેવા તે વ્યસન, સાચુ કહુ આમો.
સાહસ સાણું વ્યસન નઠારે, કંઈકને જીવતાં મારે,
ઘણાક કાઢી ઘણાક ઘાલી, ઉભા ઉભા ખાળે. શા
વર્ધમાનનો સુરસેન રાજા. પામ્યો બહુ પરિતાપ;
હાથ નિચેના પ્રધાન પાશે, માગી એણે માફ. શા.

દિવાનખાનું સાફ કરનારો, ગોરંભ જેનું નામ.
વિદુષકના ભંભેરવાથી, પામ્યો પશ્ચાતાપ. શા.
અંતર જામી અવિચળનામી, તેથી નાશે દુર;
શોબત ના કરશો ભાઈ એની, કહુંછું હું જરૂર. શા.
આજ કાલના જુવાનીયામાં, એવી રીત બહુ ચાલે;
કંઈક ચડાવી કંઈક લડાવી, પોતે હાગા નાશે. શા.
ભુલ ચુક મારી આવી હોય તે, કરજો ગુણિયલ માફ,
સુધારીને વાંચી લેવા, તસ્દી લેજો આપ. શા.

अंक १ लो.

[રાજાનો દરબાર.]

છડીદાર—પ્રૌઢ પ્રતાપી, પ્રજાપ્રતિપાળ સુરશેન મહારાજકો ઘણી ખમા. આ. આ. આ.

વિદુષક—લડુલાલ વિદુષકકો ઘણી ખમા: આ: આ: આ: આ:

છડીદાર—અરે !! મુર્ખ તારા રાજા કયાં છે !

વિદુષક—(વિચિત્ર ચાળા કરીને) એ અમુજ ! દેખે છે કે નહી ? આ ઉભા સડા ત્રણ મણના (કાન પકડીને): દેખ્યા કે !!! એમ કહી વચ્ચે બેસે છે.

સુરસેન—કોઈ સભા મેં હાજર હે કે ? (એટલે સિપાઈ હાજર થાય છે.

કવિતા.

સુરસેન--પ્રધાન નારે દીસે સભા માંહી; તેનું શું છે ?
કારણ મારા ભાઈ.

સિપાઇ–એમને ઘેર લગન રાજા મારા; નથી આવ્યા પ્રધાન તમારા.

સુરસેન--જલદી જઇને બોલાવી લાવ્ય; ઘણું ઉતાવળનું છે કામ

સિપાઇ--રાજા આજ્ઞા શિર ઉઠાવું; સત્વર જઈને બોલાવી લાવું.

(એમ કહી સિપાઇ તેડવા જાય. છે. ને પ્રધાનજી પાછળથી આવે છે.)

પ્રધાનજી--નેક નજર રખીયે ખુદાવિંદ સુરસેન મહારાજા.

(એમ કહી પોતાના આસનપર બેસે છે.)

વિદુષક–(આગળ આવીને) જો જો ભાઇઓ આતે કેવો અક્કલનો કાન દીસે છે કે આમને મુંકીને પેલા બેઠા છે તેમની પાશે નેક નજર રખાવે છે. તે કરતાં મને કીધું હોતતો સારૂં. કે જેથી હું તો વૈંત નજર રાખત. હોય ભાઇ હોય થોડા ઘણાતો દુનિયામાં જોઇએજ!! યુ. સો. !

સુરસેન–અરે પ્રધાનજી આજ તુમેરી પુત્રીકા લગન હૈ ઉસકુ મેં એક હજાર રૂપીયા ચાંલ્લે કરતા હું.

(પછીથી પ્રધાન ચાંલ્લો લેઇ રાજાને પધારવાનું કહી પોતાને મુહેલે જાય છે.)

સુરસેન--મારી ગુણિયલ પ્રજા તમારો રાજભિકત પ્રેમ જોઇ

હું સંતોષ પામુછું. હવે સભા બરખાસ્ત કરવાનો વખત થયાથી હું રજા લેઉછું.

વિદુષક—વેરી વેલ માયડીયર ! જાઓ તમને સુખેથી રજાછે

(સભા બરખાસ્ત થઈ સૌ પોત પોતાના સ્થળે ગયા.)

अंक २. जो

(શેઠનું ઘરને ત્યાં થતો વીવાહ)

દંતલશેઠ પ્રધાન—અરે ! જોશી મહારાજ તમે નગરમાં સર્વને નોતરાં દઈ આવ્યાછો કે ?

જોષી—અરે શેઠ ! એમાંતે કાંઈ ભુલ્યા હઈશું. આખુ નગર ક્યારનુંએ નચાવી દીધું.

દંતલશેઠ—સારૂ ત્યારે, પણ રસોઈનો ખબર કાઢો આજ રાજાજી જમવા પધારવાના છે.

જોષી—અરે સાહેબ ! રસોઈતો ક્યારનીએ તૈયાર થ.ઇછે અને ૧૮મા વેદના ઘરાકો પણ આવી ચુકયાં છે.

દંતલશેઠ—ભલે મહારાજ, તમે પણ ત્યાં જઈ સર્વેને જ મારી માનપાનથી ખુશી કરજો એ કામ તમે પંડે કરજો.

(એટલામાં બાહારથી છડીદારનો અવાજ થાયછે તેથી પ્રધાન સામો જઈ રાજાને પોતાના દિવાનખાનામાં તેડી જાયછે ને ત્યાં જમાડી માનપાન આપી રાજાને વિદાય કર્યે એ

ટલે ઝાડુ કાઢનાર ગોરંભ આવ્યો.)

ગોરંભ—શેઠ. એ શેઠ. હું આવ્યો છું.

વિદૂષક—અરે પ્રધાનજી? અમે ૧૮મા વેદના પુરણ ભો મિયા આવ્યા છીએ. સાંભળ્યું કે એ એ એ—

દંતલશેઠ—વારૂ! હમણાં મારે કાંમ છે માટે તમે પેલા ઓટલા ઉપર બેસો. (એમ કરી પોતે મેહેલમાં જાય છે)

વિદૂષક—ગોરંભ એ ગોરંભ! જોયું પ્રધાન કેવો પકકો છે આપણને બેસારી પોતે અગીઆરા ગણીગયો. તેણે બધાને માનપાનથી ખુશી કર્યાને આપણું અપમાન કર્યું વિગેરે ઘણી રીતે ચડાવ્યો તેથી ગોરંભ રીશાઇને ઘેર ગયોને તેની દાઝ વાળવાનો રસ્તો ખોળી કહાડયો.

વિદૂષક—પ્રધાનજી! પેલું પાપતો વચ્ચેથી વિદાય કર્યું માટે હવે મારે વાસ્તે તાકીદ કરો. કારણ કે મારે ઘેર મારી વહુને મંદવાડ ઘણો છે.. માટે ૧૮ વેદની તૈયારી જલદીકરો.

દંતલશેઠ—પણ અરે મુર્ખ ઘેર મંદવાડ છેને તું જમવા કેમ આવ્યોછું?

વિદુષક—ભોગ એ રાંડ મરી જશે તો ખાસડે મારી વળી ફરી પરણીશું પણ વેદતો મુકવાનો નથી કારણ કે જ્યારે તમારા દાદની નાત કરી હતી તે દહાડે જમ્યા હતા તે આજ પાછા મિષ્ટાન મળ્યા છે માટે હવેતો એનો નિશ્ચે ઘાણ વાળી નાંખુ મારી બાયડીમા સમ સાચું કહુ છું.

(એમ કહી શેઠને ખુશી કરે છે એટલે શેઠ જમાડે છે ને પછી પોતાના ઘેર જતો રહે છે.)

અંક ૨ જો.

[રાજાનું દીવાનખાનું ને રાજાને ગોરંભે ભંભેરવું) વીગેરે



પ્રાતકાળનો સમય થવાને થોડો વખત બાકી છે. પવન પણ મંદમંદ શીતળતાથી વાતો હતો ને છપર પલંગ ઉપર બીછાવેલી પુષ્પોની ચાદરમાંથી ફુલોની સુગંધી નીકળી રહી હતી આ વખતે રાજા અર્ધ નિંદ્રા વશને અર્ધ જાગૃત અવસ્થામાં હોવાથી રાજા પલંગપર આળોટેછે. આ વખતે ગોરંભ વાશીદું વાળવા આવ્યો હતો તે આવો લાગ જોઇ સ્વછંદપણે ધીમે સાદે બોલ્યો.

ગોરંભ—આ પ્રભુ આ પ્રધાન કેવો નિચ છે કે જે "રાજાની રાણી સાથે ભોગવિલાસ ભોગવે છે" (આ સાંભળી રાજા ઝબકી ઉઠયોને બોલ્યો અરે મ્હારા વહાલા ગોરંભ તું એ શું બોલ્યો તે મને ફરી અથથી તે ઇતી સુધી કહી સંભળાવ.

ગોરંભ—મારા શિરતાજ મહારાજ ખુદાવિંદ હું કાંઇ ઉંઘમાં બોલ્યો

હોઉતો માફ કરજો.

રાજા મનમાં વિચાર કરે છે કે જે દહાડે નજરે દીઠામાં આવે છે તે રાત્રે સ્વપ્નામાં આવે છે. માટે નકી કાંઈ ગોટો વળેલો જણાય છે એમ જાણી અતિ ક્રોધે ભરાયો, ને તેથી એક ચીઠી લખી સિપાઈને બોલાવે છે.

સુરસેન--અરે કોઈ હાજર હે કે ?

સિપાઈ--હુકમ ફરમાવોજી નોકર હાજર હે.

સુરસેન--તુમ આ ચીઠી લે કે પ્રધાનજીકું આપીને આપી ભેજદો.

(સિપાઈ સલામ કરી જાયછે)

अंक ४ था.

(પ્રધાનની કુંવરીનું સાસરે જવું ને રાજાની ચીઠી વાંચી પ્રધાનને દિલગીર થવું.) વીગેરે



મણીબેન મનમાં વિચાર કરે છે કે અત્યારલગી મારી સખીયો કેમ નથી આવી ને લગ્નક્રીયાની તો તૈયારી થવા માંડી છે. (એટલામાંતો તેની સખીયો આવી ને પછી

તેને ચોરીમાં લઇગઇઓ: ને લગનક્રીયા પુરી થયાબાદ તેને વળાવતી વખતે તેના સખીયો કહે છે.)

(કહું શું નશીબે દુઃખિયો કિધો છે) એ રાગ.

લલીતા—સખીરે અમારી તું સસરે જાયે
જીવ અમારો રહે તુજ માહે સખીરે.
તારૂં હેત ભુલી ન જવાય,
ઘડીઘડી તે યાદજ આવે. સખીરે૦

ડાહીગવરી—કહોશ છાંની હવે વાતો કેને;
વારેવારે પ્યાર મુને સતાવે. સખીરે૦

કમળા—જાજા કહેતાં જીવ જાય છે મહારો;
વિયોગનું દુઃખ મુને અતિ થાશે સખીરે૦

પસુદ—સાસુસસરાની શેવા કરજે;
સ્વામિનું સુખ ના ચુકતિ જરાયે સખીરે૦

ચંપા—સગાંસંબંધી ના ભુલી જતી તું;
કાગળ પત્ર લખતી રેહેજે. સખીરે

દંતલશેઠ, ચંદ્રપ્રભાને મણીબેનની સખીઓ સર્વે તેને વળાવી પાછા પોતાના ઘર તરફ વળ્યાં. જ્યારે દંતલશેઠ ઘેર આવ્યા ત્યારે રાજાની ચીઠી મળી તે વાંચે છે

[સુણો દિલ્લી તખ્ત ધરનાર) એ રાગ

ધિકધિક તને મુજ પ્રધાન વ્યભીચારી તું કેમ થયોરે.
તેંતો કીધું કેમ અઘટિત કામ વ્યભિચારી.

કીધો મુને કેમ વિશ્વાસ ઘાત વ્યભીચારી.
ખોઈ તારા સાત કુળની લાજ વ્યભિચારી
રાજપુત્રી કહેવાય તારી માત વ્યભિચારી
બળીબળીરે જન્મે તારો જાત વ્યભિચારી
નવ દેખાડીશ હવે તારૂં મુખ વ્યભિચારી
નથી જન્મ્યો વણીક કેરી કુખ વ્યભિચારી.

ચીઠીપુરી વાંચિ રહ્યાબાદ શેઠ મુર્છા ખાઈ ગયો કેટલી, વાર શુદ્ધિ આવા.

તે વારે ગળગળતે અવાજે બોલ્યા.

રાગ [ઓખાહરણ)

નથી નથીરે કીધું કામ કૃર, રાજા ગુસ્સે થયા મુજ ઉર,
તેની ભાળ હવે નથી જડતી, પશા કેમ કરી મારી પડતી
ટાંણે સુ'ર્વ રહ્યું શોક સાહી, હૃદય જાય છે હવે ચિરાઈ.
મારા સુખનો છેડો આવ્યો, દુઃખનો ડુંગર સાથે લાવ્યો.
નથી બચવા તણો કાંઈ આરો, ચેતરરફથી મુજ થશે મારો.
કરૂં કેમ હવે હે ઈશા, નથી રસ્તો ખોજે જગદીશા.

વળી ફરી મુર્છાગત થાય છે એટલે ચંદ્રપ્રભા દોડી આવે છે. ને ઠંડુ પાણી છાંટી પવન ઘોળે કેટલી વાર પછી તે શુદ્ધિમાં આવે છે.

એક દિવસ પ્રધાન રાજાના મેહેલ નીચે થઇને જાયછે ત્યારે ગારંભ નિચે પ્રમાણે બોલ્યો.

રાગ ઉપરનો.—વિદુશક પ્રત્યે.

આપણો સતરૂ આવ્યો ભાઈ પેલો, ધર્યા બે ચાર એને મેલો,
માટે સામો જા એને પકડવા, એને ના દઈશ પાછો પડવા.
વાળી નાખ્યો આપણી દાઝ, મારી બે ચાર પોઠે લાત;
ફરી વખત નહી આવે આવો, મામો ઠીક આવ્યો મુજ સામો.
કાટલું કરી હવે એનુ નાખું, ફરી અપમાન ન કરે મારૂં.
ગોરંભનું આવું બોલવું સાંભળી પ્રધાન ચેતી ગયો તેથી.
પોતાને ત્યાં તેને જમવા તેડ્યો, ને માન પાન આપી ઉપર
ઘોડો શીરપાવ આપ્યો તેથી ગોરંભ નિચે પ્રમાણે શેઠના
મો આગળ પસ્ચાતાપ કરવા લાગ્યા.

(હાય વોયરે પાનીને ગમકા મચાયા.) એ રાગ.
હું તો શું રે કરૂ શેઠ મારા, કર્યા ઘણા મેં દુખિયારા;
આખે અંગે ઉઠે છે લ્હારા, રી ઓય હાયરે. શું રે.
દાવ વાળવા અપમાન ફેરો, મેં જઈ રાજાને ભંભેરયો;
ઘાટ નિસ્ચે કરયોતો એવો, રી ઓય હાયરે. શું રે.
વિદુષકે બહુજ ચડાવી, દ્વેષ બુદ્ધિ ઘણી ઉપજાવી,
તેની મતિ સુઝી મને આવી, રી ઓય હાયરે. શું રે.
કર્મે કર્યું છે ઘણું નિચ, તમે માનોને શેઠ ખચિત;
બહુ પસ્તાઉછું હવે ચિત, રી ઓય હાયરે. શું રે.
હવે થાય છે ઘણું પસ્તાવું, કો દીન કરીશ ન આવું;
સોગન ખાઈને નકી જણાવું, રી ઓય હાયરે. શું રે.
માફ કરજો જરૂર મારા શેઠ, છે માથુ તમ પગની હેઠ;
એટલું કહે છે સેવક ધરી હેત, રી ઓય હાયરે. શું રે.

(મિત્ર મારા હવે શું કરવું હવેકેની મગા રંગ ભરવું.) એ રાગ
મધાનજી—દુઃખિ નારે થઈશ પ્યારા મારા, તેના રસ્તા છે ઘ-
ણા ન્યારા.

માટે શોક તું છોડી દેને, તેના ઉપાય બતાવુ તુંને.
જ્યારે ઝાડુ કાઢવા જાય, ત્યારે મનમાં બોલજે ત્યાંય;
રાજા કેવો મુરખ દીસે છે, જમતાં જમતાં ઝાડે ફરે છે.

આ રીતે બોલોશ એટલે રાજા તને પુછશે, ત્યારે જવાબ દેજે કે સાહેબ હું આજ ભવાઈ જોવા ગયો હતો તેથી ઉંઘમાં કાંઈ બોલ્યો હોઈશ. માટે માફ કરજોજી એમ કેહેજે.

ગોરંભ—ઉપાય સારો શેઠ બતાવ્યો, આવો રસ્તો નોતો જાણ્યો.
એના જેવો બીજી નાડો પેર, રજા લેઈ જઉ મુજ ઘેર.
સુખે નિદ્રા તમે શેઠ કરજો, વ્હાણે વ્હેલા તેડાવ્યા સમજો.

એમ કહી ગોરંભ પોતાના ઘર તરફ રવાને થાયછે. તે વ્હાણામાં વ્હેલો ઉઠીને દિવાનખાનામાં સાફ કરવા ગયો ત્યાં ધમે સાદે બોલ્યો. કે અરે ! આ રાજા કેવો મુરખ છે કે જે જમતાં જમતાં પણ ઝાડે ફરેછે. ને પોતાની મુર્ખતા પ્રકાશીત કરેછે.

આ શબ્દ પોતા ઢીંગલા કાનમાં પડતા વાર રાજા મનમાં વિચાર કરે છે કે મેં મારા જન્મ રામાં આ કામ કર્યું નથી ને આ ગોરંભ આમ કેમ બકે છે તેનુ કારણ કાંઈપણ બનેલુ હોવુ જોઈએ. એવું વિચારતાં તેના મનમાં પ્રધાન આવ્યાથી અરે! "જીવ તું આશું કરેછે!" પછી રાજા પ્રધાન ઉપર ચીઠી લખી સિપાઈને આપેછે તે લેઈ સીપાઈ જાયછે.


પ્રધાન—રાજાની ચીઠી વાંચેછે તે નીચે મુજબ
મોહોલે પધારોને રાજ મણીધર મોહોલે પધારો-એ-રાગ

તું તો આવજે મુજ પ્રધાન, વેગે વેહેલો આવજે.
તારી જોઉં છું હું તો વાટ, વેગે વેહેલો આવજે.
તુંજ વીના પ્યારા માહરૂ, દરબાર રહેશે બંધ,
કારભાર ઘણો અંધેર ચાલે, પ્રજા આપેછે નાહક દંડ.
જો તું કદાપી નહીં આવેતો, કારભારીયો થશે લંડ
સોંમણ તેલે અંધારૂ કરી, કરશે રાજ્ય ધખાયાનમઃ વેગે.
વગર વીચારે મેં કર્યું કુડુ કર્મ અઘોર.
તલપેછે જીવ માહરો, જેમ ચંદ્રમાંથી ચકોર વેગે
અકળાયો પછીથી બહુ, સાંભળ મુજ પ્રધાન
હવે વિમાશું મન બહુ, જાણ્યો મારો વાંક. વેગે
તેથી બન્યોછુ રાંકડું સાચવજેતું મારૂં નાક
લુચ્ચા સાળા સિપાઇઆ ચાલે. વાળે પ્રજાનો કચ્ચર ઘાણ વેગે

આ પ્રમાણે ચાઠીવાંચી પ્રધાન પોતાના મનમાં ચિતવવા લાગ્યો કે હે જીવ! આ ઇસ્વરની કેવી કૃતી કે જે ઘડીમાં "રંક ને રાય અને રાયને રંક" સ્થળને જળ અને જળને સ્થળ, તથા કીંકરને મેરૂ અને મેરૂને કીંકર, બનાવી દેછે માટે હે જીવ! રાજા જ્યારે આપણને આ પ્રમાણે ચિઠી લખી મોકલી તેથ તે સ્વીકારવી એ આપણી મુખ્ય ફરજછે, માટે ચાલ સત્વર હું રાજા પાસે જઉં [એમ કહી જાયછે. પછી બધા ભેગા મ-ળી સલામ ગાયછે.]

છેવટની--સલામ.

સલામ છે સલામ, શાણા સજજનને સલામ,
સલામ શ્રોતાજનને સલામ, વાંચનારને સલામ.
આપ વાંચી યા સાંભળીને, લેજો માંહીથી સાર,
દોસ્તદારોમાં ફેલાવીને, કરજો બહુ ઉપકાર.
લઘુ ગ્રંથ રચ્યો એમ, દેશ સુધારા માટ.
વાંચક વૃંદને ભુલ જડે તો, સુધારી લેજો આપ.



સમાપ્ત.

!! જોષી માહારાજનો જોષ !!

વિદુષક—કેમ છે જોશી મહારાજ ?

જોશી—આવ બચ્ચા વિદુષક.

વિદુષક—મહારાજ આ તમારાં બાપની પાઘડી જેવડુ શું છે.

જોશી—અરે દિવાના ? એતો ટીપણાં હે.

વિદુષક—ત્વારૂ એ ટીપણાં હે, અચ્છા માહારાજ અચ્છા પણ આ તમારી કોટમાં ગધેડાના લીંડા જેવું ગોળ ગોળ શું છે ?

જોષી—ઓ હરામજાદા ? એ તો મારી માળા છે.

વિદુષક હેં, હેં, હેં, એ તમારો માળા છે અરેરેરેરે ત્યારે હું આ શું બોલ્યો રામ, રામ, રામ, હરી, હરી, હરી, શંકર, શંકર, શંકર, બ્રહ્મા, બ્રહ્મા, બ્રહ્મા, આતો ઠીક ના થયું હું તો બોલતા ભુલ્યો.

જોષી—અરે બચ્ચા તું ભુલ્યો તેનો ઉપાય એકે તું મને ચાર દહાડા સીધાન પણીને પકાવાનું શાક જમાડજે એટલે તારે, તારી બાપનું, તારી માનું, તારા તારી વહુનું ને તારા છોકરાનું સઘળાનું પાતિક સફા !!!

વિદુષક—ઠીક ત્યારે પેહલાં અહીંતો લાડુરાયને ધપ્પા મુકી મારો પછી બીજી વાત.

તારીખ—તડબુચ.	}	લી.
માહે—ખાંડ	}	લાલભાઇ મનીયાર
સને—સટરપટર.	}	ઇંદરપુરી વાળા.

જરૂરની સૂચના

વિદ્યાર્થીઓએ પ્રોફેસરોએ તે વાંચવું જરૂરનું છે. આ અંકની શુદ્ધ જોવાને ચાલમાં પ્રેસવાળાની છે માટે જે તે તમારે વાંચવાની ખુશી હોય તો એનું દીઠેલ અમારી આ રીતે આપી નાખ ભરતી અપી તેની કીમત રૂ૦ ૧—૦—૦ એનાય રાખીએ.

અમારીસાની સ્પષ્ટ ભી શુદ્ધ પણ આગરે ત્યાં મળશે.

તે દરેક ભાગ સંભાળનારને સોંપી છે.

સાથે દિલ ... આપવામાં આવશે.

લે.	લી. સેવક
અમદાવાદ	શા. [illegible]
ગુજરાતી [illegible]	(સહી)

વાંચક [illegible] આપવો નહી.